<u>નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫</u>

પોષણ અભિયાન અંતર્ગત સ્માર્ટફોન ખરીદવા/ડી.બી.ટી. કરવા અંગે

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **WCDD/EFN/e-file/23/2023/1648/B (ICDS)**

સચિવાલય ગાંધીનગર

<u>વંચાણે લીધા:-</u>

1. ભારત સરકારશ્રીની તા.૦૧/૦૮/૨૦૨૨ના રોજ પ્રસિદ્ધ કરેલ "સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦"ની ગાઈડલાઈન.
2. ભારત સરકારશ્રીની તા.૨૬/૦૨/૨૦૧૮ની મિશન પોષણ અભિયાનની માર્ગદર્શિકા
3. ભારત સરકારશ્રીના પત્ર ક્રમાંક **PA/293/2022-CPMU(e-102529) dt.18/10/2023**
4. આ વિભાગના તા. ૨૭/૦૨/૨૦૨૪ના પત્ર ક્રમાંક: **Secy/WCD/06/PS/2024**
5. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરીની દરખાસ્ત નં. **ICDS/FIN/e-file/257/2023/1158/NNM Dt.01/12/2023**

<u>આમુખ:-</u>

ભારત સરકારશ્રી દ્વારા તા.૦૧/૦૮/૨૦૨૨ના રોજ "સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦"ની વંચાણે લીધેલ પત્ર ક્રમાંક (૧)થી નવી ગાઈડલાઈન પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ પત્ર ક્રમાંક (૨)થી ભારત સરકારશ્રી દ્વારા અગાઉ તા.૨૬/૦૨/૨૦૧૮ના રોજ રાષ્ટ્રીય પોષણ અભિયાન (નેશનલ ન્યુટ્રીશન મિશન)ની માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરેલ હતી, જેમાં આંગણવાડી કેન્દ્રોમાં ફરજ બજાવતા આંગણવાડી વર્કર અને સુપરવાઈઝરને ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી તેઓની સેવાઓને સુદ્દ્રઢ બનાવવા અને રીઅલ ટાઇમ મોનિટરિંગ થઈ શકે તે હેતુથી સ્માર્ટફોન આપવાની જોગવાઈ કરવામાં આવેલ હતી. જેમાં સરકારશ્રીના ખર્ચે પ્રતિ નંગ સ્માર્ટફોન રૂ.૧૦૦૦૦/-ની મર્યાદામાં ખરીદીને આપવા જણાવેલ હતું.

પોષણ અભિયાન અંતર્ગત સરકારશ્રી દ્વારા સ્માર્ટફોનની ખરીદી કરી તમામ આંગણવાડી કેન્દ્રોને પુરા પાડવામાં આવેલ હતાં.જે કાર્ય કરતા ન હોવાથી નવી ટેક્નોલોજી આધારિત **5G**-સ્માર્ટફોન ખરીદીને આપવા ભારત સરકારશ્રીના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક **(3)**ના પત્રથી જણાવેલ છે જે મુજબ નવી બાબત તરીકે રૂ. ૫૮.૩૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે જેને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીની દરખાસ્ત મુજબ પોષણ અભિયાન અંતર્ગત આંગણવાડી વર્કર બહેનોને આંગણવાડીની વિવિધ કામગીરી કરવા અને તેના રિઅલ ટાઇમ મોનિટરીંગ માટે તમામ આંગણવાડી કેન્દ્રોના આંગણવાડી વર્કર બહેનોને **5G** સ્માર્ટફોન ખરીદવા/ડી.બી.ટી. કરવા માટે રૂ.૫૮.૩૨ કરોડની નવી બાબતને આથી નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

સ્માર્ટફોન માટેની નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫

(રૂ.કરોડમાં)

| ક્રમ | સદર | કલાસ | ઓબ્જેક્ટ કોડ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૫ (કેન્દ્ર ૬૦%) | ૪ | ૩૧૩૫ | રૂ.૩૪.૯૯ |
| ૨ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૬ (રાજ્ય ૪૦%) | ૪ | ૩૧૩૫ | રૂ.૨૩.૩૩ |
| | કુલ | - | - | રૂ.૫૮.૩૨ |

<u>શરતો :-</u>

૧. આ યોજનાનો ખર્ચ તા.૦૧-૦૪-૨૦૨૪થી કરવાનો રહેશે.

૨. ભારત સરકારશ્રીના તા.૧૮/૧૦/૨૦૨૩ના પત્ર મુજબ સ્માર્ટફોનની ખરીદી કરવાની રહેશે. જો કે રાજ્ય સરકાર દ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૪)ના પત્રથી ખરીદીને સ્માર્ટફોન આપવાને બદલે ડી.બી.ટી. યોજના હેઠળ રકમ ફાળવણી કરવા મંજૂરી માંગેલ છે તે મંજૂરી મળ્યેથી તે મુજબ કાર્યવાહી કરી શકાશે.

૩. ભારત સરકારશ્રી દ્વારા જો ડી.બી.ટી. માધ્યમથી રકમ ચૂકવવાની મંજૂરી મળે તો**5G** સ્માર્ટફોન માટે ડી.બી.ટી. માધ્યમથી ચૂકવવામાં આવતી સહાય અન્વયે અનુસરવાની થતી કાર્યપદ્ધતિ અને વિગતવાર સ્વયંસ્પષ્ટ સૂચના કમિશ્નરશ્રી, (આઈ.સી.ડી.એસ.) મહિલા અને બાળ વિકાસ વિભાગની કચેરીએ બહાર પાડવાની રહેશે.

૪. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ

સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાંકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહીં તે મુજબનું આયોજન કરવાની તકેદારી કમિશ્નરશ્રી, આઇ.સી.ડી.એસ. કચેરીએ રાખવાની રહેશે.

૫. આ યોજનાનો અમલ ભારત સરકારશ્રી દ્વારા સ્પષ્ટતા થયા બાદ અત્રેથી સૂચના આપ્યા બાદ જ કમિશ્નરશ્રી, (આઇ.સી.ડી.એસ.) મહિલા અને બાળ વિકાસ વિભાગની કચેરીએ કાર્યવાહી કરવાની રહેશે.

૬. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

૭. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

૮. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ(**GeM**) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ **GeM Portal** પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (**No Objection Certificate**) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.

૯. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે **DBT** પધ્ધતિથી જ આપવાની રહેશે.

૧૦. આ યોજનાને **DBT Portal** ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

૧૧. **C.M Dash Board** સાથે યોજના **Link** કરવાની રહેશે.

૧૨. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

૧૩. **Social Audit** અને **Third party Verification** પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.

૧૪. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૧૫. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

૧૬. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૧૭. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૮. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૧૯. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

૨૦. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૨૧. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૨૨. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૩. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

કેન્દ્ર સરકારે ખર્ચ(૬૦%) નીચે મુજબના સદરે કરવાનો થાય છે.

માંગણી નંબર:- ૧૦૬ રેવન્યુ

મુખ્ય સદર:- ૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર:- ૦૨ પોષણ, ખાદ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદર:- ૧૦૧ ખાસ પોષણ કાર્યક્રમ

પેટા સદર :- ૦૫ (રાષ્ટ્રીય પોષણ અભિયાન) (૬૦% કેન્દ્ર)

રાજ્ય સરકારે ખર્ચ(૪૦%) નીચે મુજબના સદરે કરવાનો થાય છે.

માંગણી નંબર:- ૧૦૬ રેવન્યુ

મુખ્ય સદર:- ૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર:- ૦૨ પોષણ, ખાદ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદર:- ૧૦૧ ખાસ પોષણ કાર્યક્રમ

પેટા સદર :- ૦૬ (રાષ્ટ્રીય પોષણ અભિયાન) (૪૦% રાજ્ય)

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૧૫/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એન.મકવાણા)
સંયુક્ત સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. સચિવશ્રી (આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. સચિવશ્રી (આયોજન)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ)ના રહસ્ય સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૮. કમિશ્નરશ્રી, (આઈ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૯. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૦. સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી
૧૧. વિભાગીય નાયબ નિયામકશ્રી, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ
૧૨. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઈસીડીએસ) જીલ્લા પંચાયત કચેરી
૧૩. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઈસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરી
૧૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
૧૫. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
૧૬. નિવાસી ઓડીટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર
૧૭. તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જીલ્લા પંચાયત તમામ
૧૮. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઈટ ઉપર મુકવા સારૂં.
૧૯. સિલેક્ટ ફાઈલ